BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# આ સપ્ટેમ્બરમાં બ્રૅમ્પટન ટ્રી મન્થની ઉજવણી થશે!

બ્રૅમ્પટન, ઓન્ટ્રાઈયો (01 સપ્ટેમ્બર 2023) – ON દ્વારા પ્રાયોજીત ટ્રી મન્થ માટે સિટી ઓફ બ્રૅમ્પટન સાથે જોડાઓ અને આપણા હરિયાળા શહેરને અને તેના સુંદર વૃક્ષોને વધાવી લો! સિટી અને તેમના સહયોગીઓ સપ્ટેમ્બરના આખા મહિના દરમિયાન વિવિધ પ્રોગ્રામ અને ઈવેન્ટ્સનું આયોજન ટ્રી મન્થની ઉજવણી કરવા માટે કરશે અને રહેવાસીઓને ગમ્મતમાં જોડાવા પ્રેરિત કરશે.

**વૃક્ષોની વાવણી અને લ્હાણી**

સિટી બ્રૅમ્પટનના રહેવાસીઓને 500 વૃક્ષોની લ્હાણી કરશે. રહેવાસીઓ નીચે પૈકી કોઈપણ એક સ્થળે મફત વૃક્ષ મેળવવા માટે આવી શકે છે અને આ મહિનામાં બ્રૅમ્પટનને વધુ વૃક્ષો વાવવાના તેમના 2040 સુધી દસ લાખ સુધીના લક્ષ્ય સુધી પહોંચાડવામાં મદદ કરી શકે છે!

**સપ્ટેમ્બર 23:**

- ગોર મેડોઝ ખાતે સ્કાઉટ અને કમ્યુનિટી વૃક્ષારોપણ | સવારે 10 થી બપોરે 12
- વૃક્ષની લ્હાણી ગોર મેડોઝ રિક્રિએશન સેંટર પાર્કિંગ લોટ | સવારે 10 થી બપોરે 12
- અર્ન્સક્લીફ રિક્રિએશન સેંટર પાર્કિંગ લોટ | બપોરે 1 થી 3

**સપ્ટેમ્બર 24:**

- જીમ આર્કડેકન રિક્રિએશન સેંટર પાર્કિંગ લોટ | સવારે 10 થી બપોરે 12
- ક્રીસ ગીબ્સન રિક્રિએશન સેંટર પાર્કિંગ લોટ | 1 થી બપોરે 3

**ટ્રી મન્થ ઈવેન્ટ્સ**

- સપ્ટેમ્બર 10 – બાઈક બ્રૅમ્પટન સાથે ટ્રી બાઈક ટૂર

રહેવાસીઓને સિટીની સહુ પ્રથમ ટ્રી મન્થ ફોટોગ્રાફી પ્રતિયોગિતામાં સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. બ્રૅમ્પટનની નયનરમ્ય ટ્રેઈલ્સ પર જવા અને પીટર વોલ્લાબેનની લિખિત હિડન લાઈફ ઓફ ટ્રીઝની નકલ વૃક્ષનો ફોટો પાડીને જીતવાનો અવસર મળવાનો છે.

થોડી પ્રેરણા જોઈએ છે? એક્સપ્લોર કરો ત્યારે શું કરી શકાય તેના થોડા આઈડિયા અહીં આપ્યા છે:

- વૃક્ષના પાંદડાનો ક્લોઝ અપ
- મનગમતું વૃક્ષ
- પોતાના યાર્ડ અથવા પાર્કમાં રહેલ કોઈ વૃક્ષ
- વૂડલોટ

- કોઈ વિશેષ વૃક્ષ જેના અંગે કોઈ દંતકથા જાણીતી હોય

તમારા ફોટા ઓનલાઈન અહીં સબ્મીટ કરો www.brampton.ca/treemonth. Don't forget to share your pictures on social media using #BramptonTrees નો ઉપયોગ કરીને સોશ્યલ મિડિયા પર તમારી તસ્વીરો શેર કરવાનું ભૂલતા નહીં જેથી અમારી ચેનલો @CityBrampton અને વેબસાઈટ www.brampton.ca/trees પર તે દર્શાવી શકાય!

**વૃક્ષોના સ્ત્રોતો**

વૃક્ષો વિશે બધું જ જાણો અને ટ્રી મન્થમાં આ હાથવગા સંસાધનોનો ઉપયોગ કરીને સહભાગી થાઓ:

- બ્રૅમ્પટનના વૃક્ષો (Brampton Trees)
- સીટી ઓફ બ્રૅમ્પટનના વૃક્ષ કાળજી સૂચનો
- ઈન્ટરએક્ટિવ ટ્રી ટ્રૅકિંગ ટૂલ
- દસ લાખ વૃક્ષોનો કાર્યક્રમ (One Million Trees Program):
- ટ્રી કૅનેડા

**બ્રૅમ્પટન વૃક્ષ તથ્યો**

- બ્રૅમ્પટનમાં હાલમાં લગભગ 3.6 મિલિયન વૃક્ષો છે અને જેના પર હાલ અર્બન કૅનપી અસેસમૅન્ટ અભ્યાસ રિજન ઓફ્ પીલ અને વિવિધ સંરક્ષક સત્તાઓના સહયોગ હેઠળ અભ્યાસ થઈ રહ્યો છે.
- સિટી અને તેના – સંરક્ષણ અધિકારીઓ, રિજન ઓફ્ પીલ, શાળા મંડળો અને વિકાસશીલ ઉદ્યોગો સહિત તેમના ભાગિદારોએ – બ્રૅમ્પટનમાં પ્રત્યેક વર્ષે સરેરાશ 40,000 વૃક્ષો રોપ્યા છે.
- 2014 થી અત્યાર સુધીમાં અઢી લાખ કરતા વધુ વૃક્ષો રોપવામાં આવી ચુક્યા છે

એક મિલિયન ટ્રી પ્રોગ્રામ

ફેબ્રુઆરી 2020માં બ્રૅમ્પટન કાઉન્સિલે બ્રૅમ્પટન ટ્રી પ્રોગ્રામને મંજૂરી આપી હતી – જે વૃક્ષારોપણની પહેલો વધારવા અને 2040 સુધી એક મિલિયન વૃક્ષોના લક્ષ્યને આંબવા માટે સિટી અને તેમના સહયોગીઓ માટે એક આયોજન માળખું છે.

બ્રૅમ્પટનને એક મિલિયન નવા વૃક્ષોનું લક્ષ્ય હાંસલ કરવામાં મદદરૂપ થવા દરેક જણની ભૂમિકા હોવી જોઈએ, પછી તે સિટી હોય જેઓ પોતાની મિલકતોમાં વૃક્ષો રોપે અથવા રહેવાસીઓ, વેપારી સંસ્થાઓ કે સિટીના સહયોગીઓ વૃક્ષારોપણના ઈવેન્ટ્સમાં સહભાગી થાય, વૃક્ષારોપણ અને બ્રૅમ્પટન વન મિલિયન ટ્રી પ્રોગ્રામની વાત વહેતી મૂકે અને/અથવા આખા શહેરમાં વૃક્ષારોપણ માટે સંસાધનોનું દાન કરે.

**સુવાક્યો**

"ટ્રી મન્થ એટલે આપણા હરિયાળા શહેરને વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની અનેરી તક છે. હું આ મહિનામાં તમામ રહેવાસીઓને સહભાગી થઈને અમને આખા સમુદાયમાં વૃક્ષારોપણ કરવામાં મદદરૂપ થવા પ્રોત્સાહિત કરું છું. વૃક્ષો બધાંને અનેક લાભ પ્રદાન કરે છે જેમાં સામેલ છે ચોખ્ખી

હવા, વાતાવરણના ફેરફારની અસરમાં ઘટાડો વધવા અને આપણા સમુદાયને વધુ સુંદરતા બક્ષવી. બહાર નીકળી અમારી સાથે ટ્રી મન્થ જરૂરથી ઉજવશો અને વૃક્ષની લ્હાણી આપવાના દિવસે પોતાનું મફત વૃક્ષ લેતા જશો.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

-30

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 90,000 કરતા વધુ વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca